# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું.

2) મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ અનેક રાજ્યોમાં જળ સંચય માટે થયેલા કાર્યની પ્રશંસા કરી.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ RSS અમર સંસ્કૃતિનું અક્ષયવટ ગણાવ્યું.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે પટણા ખાતે રાજ્ય સ્તરીય સહકારી સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

5) આઇપીએલમાં આજે દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચઃ અન્ય મેચમાં રાજસ્થાન રોયલ્સ-ચેન્નાઇ સુપરકિંગ્સ વચ્ચે મુકાબલો.

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT PAGE-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું છે. આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે, વિશ્વમાં કાપડના કચરામાંથી માત્ર એક ટકા કપડાનું જ નવા કપડામાં રિસાઇકલિંગ થાય છે. તેમણે જણાવ્યું કે, ભારત વિશ્વમાં ત્રીજો દેશ છે જ્યાં મહત્તમ કાપડ કચરાનું ઉત્પાદન થાય છે. પ્રધાનમંત્રીએ જૂના કપડાના નિકાલ માટે કાર્ય કરતી સંસ્થાઓનાં પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

## (BYTE PM MODI TEXTILE WASTE)

ઉનાળો શરૂ થઈ ગયો છે ત્યારે અનેક રાજ્યોમાં જળ સંચયનુ કાર્ય વેગ પકડી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, દર વર્ષની જેમ કેચ ધ રેઇન ઝૂંબેશ માટેની તૈયારી યુધ્ધનાં ધોરણે ચાલી રહી છે. આ ઉપરાંત વધુને વધુ લોકોને જળ સંચય સાથે જોડવા માટે જળ સંચય-જન ભાગીદારી અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. છેલાં સાત આઠ વર્ષમાં નવી બનાવેલા તળાવો, કુંડ સહિતનાં માળખા દ્વારા 11 અબજ ક્યુબિક મીટર પાણીનું સંચય કરવામાં આવ્યું છે.

## (BYTE PM MODI JAL SANCHAY JAN BHAGIDARI)

# PM MANN KI BAAT PAGE-2

મન કી બાત કાર્યક્રમની 120મી કડીમાં પ્રધાનમંત્રીએ ગુજરાતમાં એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન અને મિયાવાકી ફોરેસ્ટમાં મોટા પ્રમાણમાં જોવા મળતા કૃષ્ણકમલ ફુલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે શ્રોતાઓને આવા ફુલોની રસપ્રદ યાત્રા અંગે લખવા આહ્વાન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આ ઉનાળાની રજાઓમાં નવા શોખ કેળવવા અને રચનાત્મક કાર્યો કરવા સલાહ આપી હતી. પ્રધાનમંત્રીએ શ્રોતાઓને ઉનાળાનાં વેકશન માટે તૈયાર કરવામાં આવેલા માય ભારતના વિશેષ કેલેન્ડરની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, વાઇબ્રન્ટ વિલેજ અભિયાનમાં વિદ્યાર્થીઓ સરહદી ગામડાઓનો અનોખો અનુભવ લઈ શકે છે. તાજેતરમાં પૂર્ણ થયેલા ખેલો ઇન્ડિયા પેરાગેમ્સમાં ખેલાડીઓનાં સમર્પણ અને પ્રતિભાની તેમણે પ્રશંસા કરી હતી.

**(BYTE PM MODI KHELO INDIA)**

શ્રી મોદીએ દિલ્હીમાં પ્રથમ વાર આયોજિત ફિટ ઇન્ડિયા કેમ્પેઇનો ઉલ્લેખ કરીને લોકોને પોતાનાં વિસ્તારોમાં પણ આવા કાર્નિવલનું આયોજન કરવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ આડે 100થી ઓછા દિવસ બાકી છે ત્યારે લોકોને તેમનાં જીવનમાં યોગ અપનાવવા વિનંતી કરી હતી.

પ્રધાનમંત્રીએ આજથી શરૂ થયેલી ચૈત્ર નવરાત્રિ સહિતનાં તહેવારો પ્રસંગે સમગ્ર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

**(BYTE PM MODI FESTIVAL)**

# PM NAGPUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ RSS અમર સંસ્કૃતિનું અક્ષયવટ છે. આ અક્ષયવટ ભારતીય ચેતનાને ઊર્જાવાન બનાવી રહયું છે. આજે નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત દેશના કરોડો લોકોને મફતમાં સારવાર મળી રહી છે. પ્રધાનમંત્રી નાગપુરમાં સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડ ખાતે લોઇટરિંગ મ્યુનિશન ટેસ્ટિંગ રેન્જ અને યુએવી માટે રનવે સુવિધાનું ઉદ્ઘાટન કરશે.

આગાઉ શ્રી મોદીએ નાગપુરમાં સ્મૃતિ મંદિરની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ હેડગેવાર તથા ગુરુજી તરીકે જાણીતા માધવરાવ ગોળવલકરને સમર્પિત સ્મારકોમાં શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે આર. એસ. એસ. ના વડા મોહન ભાગવત, કેન્દ્રીય મંત્રી નીતિન ફડણવીસ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીએ દીક્ષાભૂમિની મુલાકાત લીધી હતી અને ડૉક્ટર બી. આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી. મહારાષ્ટ્રથી પ્રધાનમંત્રી બપોરે છત્તીસગઢના બિલાસપુર જશે, જ્યાં તેઓ 33 હજાર 700 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે.

# FESTIVALS

આજે દેશભરમાં ગુડીપડવો, ચૈત્ર નવરાત્રિ, ગુડી પડવા, ચેટીચાંદ, ઉગાડી સહિતનાં તહેવારોનું ભક્તિભાવ અને ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. આજે મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં  મરાઠી નવું વર્ષ ગુડી પડવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યુ  છે. આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે.

આજથી ચૈત્ર નવરાત્રીનો પણ પ્રારંભ થઈ રહ્યો છે, જે રામ નવમી પર પૂર્ણ થશે. દેશનાં તમામ પ્રસિધ્ધ મંદિરો અને શક્તિપીઠોને શણગારવામાં આવ્યા છે. ભાવિકો મોટી સંખ્યામાં વિશેષ પૂજા અર્ચના માટે મંદિરોમાં જોવા મળી રહ્યા છે. આકાશવાણીની આરાધના યુટ્યુબ ચેનલ આજથી 6 એપ્રિલ દરમિયાન વિશેષ કાર્યક્રમો રજૂ કરશે. અનુપ જલોટા, નરેન્દર ચંચલ, જગજીત સિંહ, હરી ઓમ શરણ, મહેન્દ્ર કપૂર અને અનુરાધા પૌડવાલ જેવા પ્રસિધ્ધ કલાકારોનાં સ્વરમાં ગવાયેલા નવરાત્રિ ભજન રજૂ કરવામાં આવશે.

આજે સિંધી ભાઈ બહેનો દ્વારા ચેટીચાંદની પણ  ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે. આજે ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓને ચૈત્ર નવરાત્રિ, ગુડી પડવા, ચેટીચાંદ, ઉગાડી, નવરેહ અને સાજીબુ-શેરોબા તહેવાર પ્રસંગે શુભેચ્છા પાઠવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMIT-SHAH-BIHAR-VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે પટણા ખાતે રાજ્ય સ્તરીય સહકારી સંમેલનનું ઉદ્ઘાટન કરશે અને બિહારના ગોપાલગંજ ખાતે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

શ્રી શાહ આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે ગઠબંધન પક્ષો સાથે ચર્ચાના ભાગ રૂપે પટણામાં NDA નેતાઓ સાથે બેઠક કરશે. કેન્દ્રીય સહકાર મંત્રી 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કરશે.

સહકારી સંમેલનમાં હાજરી આપ્યા બાદ શ્રી શાહ ગોપાલગંજની મુલાકાત લેશે. તેઓ ગોપાલગંજના પોલીસ લાઇન ગ્રાઉન્ડ ખાતે એક જાહેર સભાને સંબોધિત કરશે.

# SUNDAY ON A BICYCLE

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખ માંડવીયાના વડપણ હેઠળ આજે સવારે જૂનાગઢમાં સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગિરનાર દરવાજાથી ભવનાથ તળેટી, દામોદર કુંડ સુધીની સાયકલ રેલીમાં કેન્દ્રીય મંત્રીની સાથે અનેક લોકો જોડાયા હતા.

આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું કે, 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનો દરેક નાગરિક સ્વસ્થ હોય તે ખૂબ આવશ્યક છે. આ માટે સન્ડે ઓન સાયકલ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. પ્રત્યેક નાગરિક રવિવારના રોજ એક કલાક સાયકલ ચલાવે તો તેમનું સ્વાસ્થ્ય સુધરશે.

# IPL-CRICKET

IPL T-20 ક્રિકેટમાં આજે વિશાખાપટ્ટનમમાં બપોરે સાડા ત્રણ વાગે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો સનરાઇઝર્સ હૈદરાબાદ સામે થશે.

અન્ય એક મેચમાં ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે સાંજે સાડા સાત વાગ્યે થશે. બંને ટીમો તેમની તાજેતરની મેચોમાં હારનો સામનો કર્યા બાદ આ મેચ જીતવા પ્રયત્ન કરશે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે, જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ બીજા સ્થાને છે. અમદાવાદમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે 36 રનથી જીત મેળવ્યા બાદ ગુજરાત ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.

# WTT-THAKKAR

ટેબલ ટેનિસ ખેલાડી માનવ ઠક્કર વિશ્વ ટેબલ ટેનિસ સ્પર્ધાની સેમિફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય બન્યા છે.

માનવ ઠક્કરે ગઈકાલે ચેન્નાઈમાં દક્ષિણ કોરિયાના ઓલિમ્પિક અને વિશ્વ ચંદ્રક વિજેતા લિમ જોંગહુનને 3-2થી  હાર આપી હતી. અગાઉ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં, ઠક્કરે જર્મનીના આન્દ્રે બર્ટેલ્સમીયરને 3-2થી હાર આપી હતી.